# ભારતીય વાયુસેનાનુ ઐતિહાસિક મહાપરાક્રમ

## પાકિસ્તાનની હદમાં ૮૦ કિમી ઘુસીને જૈશે મહોમ્મદના પાંચ મોટા કેમ્પ પર મીરાજ વિમાન દ્વારા ૧ હજાર કિલો બોમ્બ ઝીંકાયા : બાલકોટ, ચાકોટી અને મુઝફ્ફરાબાદ આતંકવાદી લોન્ચપેડને નેસ્તનાબુદ કરાયા : ૩૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા હોવાનો દાવો

ગાંધીનગર, તા. ૨૬

ભારતીય વાયુસેનાએ આજે વહેલી સવારે ૩.૩૦ કલાકે પાકિસ્તાનની સરહદ ક્રોસ કરી ૮૦ કી.મી. અંદર જૈશે મહોમ્મદના મુખ્યાલય જેવા કેમ્પ બાલકોટ, ચાકોટી અને મુઝફ્ફરનગરના પાંચ કેમ્પ પર ૧ હજાર કિલો બોમ્બ ઝીંકી આતંકવાદી અડ્ડાઓનો સફાયો કરતા દેશભરમાં જશ્નનો માહોલ છે. સુત્રોના દર્શાવ્યા મુજબ ગ્વાલીયર અને બરેલી એરબેઝ પરથી ભારતીય વાયુસેનાના ૧૨ લડાકુ વિમાન મિરાજ-૨૦૦૦ દ્વારા એરસ્ટ્રાઈક કરાઈ હતી. પાકિસ્તાનની સરહદને પેલે પાર અને સરહદના પાંચ અડ્ડાઓને નેસ્તનાબુદ કરવા ૧૨ વિમાનોને ૨૧ મિનિટ લાગી હતી. આ એરસ્ટ્રાઈકમાં ૩૦૦થી વધુ જૈશે મહોમ્મદના ટ્રેનર, કમાન્ડર સહિત આતંકવાદીઓનો સફાયો થયો હતો. જોકે પાકિસ્તાની સુત્રો આ આંકડાને સ્વીકારતા નથી.

ફેબ્રુઆરીની ૧૪મીએ પુલવામામાં સીઆરપીએફના ૪૦ જવાનો પર થયેલા આત્મઘાતી હુમલાની જવાબદારી સ્વીકારનાર જૈશે મહોમ્મદની છાવણીઓને વાયુસેનાએ લક્ષ્ય બનાવી હતી. ત્રણ દિવસના વાયુ સર્વેલન્સ બાદ વ્યુહાત્મક હુમલો કરી સરહદ પરની આતંકવાદી ગતિવિધિઓને જડમૂળથી દૂર કરી છે. પાકિસ્તાન સેના કે નાગરિકોને કોઈપણ પ્રકારની હાનિ કર્યા સિવાય માત્ર અને માત્ર આતંકવાદી કેમ્પને જ ટારગેટ કરાયો હતો. ભારતીય વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ જણાવ્યુ હતુ કે પાકિસ્તાને વારંવાર દરખાસ્ત કરી હતી કે સરહદ પર કે તમારા દેશમાં આતંકવાદી પ્રવૃતિને પ્રત્યક્ષ કે પરોક્ષ સમર્થન આપવુ ન જોઈએ. આમ છતાં પાકિસ્તાને ભારતની વાતને અવગણીને જૈશે મહોમ્મદ જેવા આતંકવાદી જુથને રક્ષણ પુરૂ પાડ્યુ છે એટલુ જ નહી તેમની પ્રવૃતિ માટે જરૂરી સહયોગ આપવાના પુરાવા ભારત પાસે છે તેથી ભારતે આતંકવાદી પ્રવૃતિઓ સામેની લડતના ભાગરૂપે ભારતીય વાયુસેનાએ આ એરસ્ટ્રાઈક કરી હતી.

## વિશ્વનો સૌથી મોટો આતંકવાદ સામેનો પ્રતિકાર જંગ : દેશભરમાં ઉજવણીનો માહોલ


# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૩૪૬ | ૨૭ ફેબ્રુઆરી, ૨૦૧૯, બુધવાર; મહા વદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# સોગંદ મુઝે ઈસ મિટ્ટી કી, દેશકો નહીં ઝુકને દુંગા : મોદી

## આજે દેશ બિલકુલ સુરક્ષિત હાથમાં : રાજસ્થાનના ચુરુમાં પહોંચેલા મોદીએ હવાઈ હુમલા બાદ પ્રથમ જનસભાને સંબોધી : લોકોનો મિજાજ આજે અલગ દેખાઈ રહ્યો છે : મોદી

ચુરુ, તા. ૨૬

પાકિસ્તાનમાં ઘુસીને ત્રાસવાદી સંગઠન જૈશના અડ્ડાઓ ઉપર હવાઈ હુમલા કરવામાં આવ્યા બાદ વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે એક અલગ અંદાજમાં હવાઈ હુમલાનો ઉલ્લેખ કર્યો હતો. પુલવામા ત્રાસવાદી હુમલામાં શહીદ ૪૦ જવાનોના ફોટાવાળા મંચ ઉપરથી મોદીએ કહ્યું હતું કે, આજે લોકોનો મિજાજ અલગ દેખાઈ રહ્યો છે. લોકોના ઉત્સાહને તેઓ સમજી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે, આજ એવો પ્રસંગ છે જ્યારે દેશના પરાક્રમવીરોને નમન કરવાનો સમય છે. મોદીએ કહ્યું હતું કે, તેઓ દેશના માથાને ક્યારે પણ ઝુંકવા દેશે નહીં. દેશ આજે બિલકુલ સુરક્ષિત હાથમાં છે. ચુરુની ધરતીથી લોકોને વિશ્વાસ અપાવતા મોદીએ કહ્યું હતું કે, દેશ બિલકુલ સુરક્ષિત હાથોમાં છે. મોદીએ એમ પણ કહ્યું હતું કે, દેશથી ઉપર કોઈ ચીજ નથી. દેશની સેવા કરનાર અને દેશના નિર્માણમાં લાગેલા દરેક વ્યક્તિને તેઓ નમન કરે છે. ચુરુ, શિકરના હજારો જવાનો રાષ્ટ્રની સુરક્ષામાં લાગેલા છે.



મોદીએ રેલી દરમિયાન ૨૦૧૪ની ચૂંટણી પ્રચાર દરમિયાન આવેલી કવિતા પણ વાંચી હતી જેમાં મોદીએ એ વખતે કહ્યું હતું કે, મે દેશ નહીં ઝુંકને દુંગા. મોદીએ રેલીને સંબોધતા કહ્યું હતું કે, સોગંદ મુઝે ઈસ મિટ્ટી કી કી મેં દેશ નહીં ઝુંકને દુંગા, સોગંદ મુઝે ઈસ મિટ્ટી કી મેં દેશ નહીં મિટને દુંગા, દેશ નહીં રુકને દુંગા. મોદીના અસરકારક સંબોધનથી ઉપસ્થિત લોકોમાં નવો જુસ્સો ઉમેરાઈ ગયો હતો. મોદીએ આ સંબોધન દરમિયાન પોતાની સરકારની વિવિધ યોજનાઓનો ઉલ્લેખ કર્યો હતો જેમાં પીએમ કિસાન સન્માન નિધિનો પણ ઉલ્લેખ કર્યો હતો જેના ભાગરુપે લાખો ખેડૂતોના ખાતામાં સીધીરીતે પૈસા પહોંચી રહ્યા છે.તેમણે કહ્યું કે અમે બાબા ગોરખનાથની ધરતી ગોરખપુરથી પીએમ કિસાન સમ્માન નિધિનું ઉદ્ઘાટન કર્યું અને લાખો કિસાનોના એકાઉન્ટમાં સીધો પહેલો હપ્તો પહોંચી ગયો. આ યોજનાથી રાજસ્થાન અને ચુરૂના ૫૦ લાખ કિસાન પરિવાર લાભાંવિત થશે. ચુરુમાં સંબોધન વેળા મોદી મોદીના નારા પણ લાગ્યા હતા.











